# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે, આગામી એક વર્ષ સરહદ સુરક્ષા દળ-BSFના આધુનિકીકરણ અને BSF જવાનોના કલ્યાણ માટે સમર્પિત રહેશે.

(બાઇટ- અમિત શાહ, ઓન બીએસએફ,,,)

કચ્છના ભુજ ખાતે BSFની સ્થાપનાના હીરક સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું, ગૃહ મંત્રાલયે BSFને વિશ્વનું સૌથી આધુનિક દળ બનાવવા પાંચ વર્ષનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. તેમણે મુખ્ય સરકારી પહેલ 'ઇ-બોર્ડર' સુરક્ષાના નવા ખ્યાલને અમલમાં મૂકવામાં BSFની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

(BYTE: AMIT SHAH, HOME MINISTER) – E BORDER

BSFની સિદ્ધિઓ અંગે શ્રી શાહે કહ્યું, કેફી પદાર્થની તસ્કરી સામેની કાર્યવાહી કરી દળે 12 લાખ 95 હજાર કરોડ રૂપિયાના કેફી દ્રવ્ય જપ્ત કર્યા છે. નક્સલ વિરોધી કાર્યવાહી અંગે BSFની પ્રશંસા કરતા શ્રી શાહે કહ્યું,  આગામી 31 માર્ચ 2026 સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થશે.

દરમિયાન શ્રી શાહે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા S.I.R.ને સમર્થન આપવા લોકોને અપીલ કરી. તેમણે S.I.R.ને દેશની લોકશાહીને સલામત અને શુદ્ધ કરવાની પ્રક્રિયા ગણાવી.

આ પ્રસંગે શ્રી શાહે એક સ્મારક ટપાલ ટિકિટનું લોકાર્પણ કર્યું અને પરેડનું નિરીક્ષણ પણ કર્યું. શ્રી શાહે હેડ કૉન્સ્ટેબલ સનવાલા રામ બિશ્નોઈને મરણોત્તર શૌર્યચંદ્રક અર્પણ કર્યો, જે તેમના પત્નીએ સ્વીકાર્યો. શ્રી શાહે રાષ્ટ્રીય સુરક્ષામાં તેમના અનુકરણીય યોગદાન બદલ બહાદુર BSF યોદ્ધાઓને ચંદ્રક અને વિજયચિહ્ન પણ એનાયત કર્યા.

---------------------------------------------------

## MAGFALI KHARIDI

રાજ્ય સરકારે આજ દિન સુધી રાજ્યના 92 હજાર 800થી વધુ ખેડૂતો પાસેથી એક હજાર 550 કરોડ રૂપિયાની મગફળીની ખરીદી કરી છે. સત્તાવાર યાદી મુજબ, સરકાર દ્વારા 272 ખરીદ કેન્દ્ર પરથી બે લાખ 13 હજાર મૅટ્રિક ટનથી વધુની મગફળીની ખરીદી કરવામાં આવી છે. આ પ્રક્રિયા અંગે અધિકારીઓએ જણાવ્યું, ખેડૂતોને ટેકના ભાવની સંપૂર્ણ ખાતરી અપાઈ છે.

------------------

## GANDHINAGAR MOCKDRILL

રાજ્યમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે આજે મૉકડ્રીલ એટલે કે, પૂર્વ-આયોજિત અભ્યાસ કરાયો. જામનગર, ભરૂચ, દેવભૂમિદ્વારકા અને કચ્છ મુખ્ય પૅટ્રો-રસાયણ કેન્દ્ર ખાતે યોજાયેલી આ

મૉકડ્રીલમાં ભારતીય સેના, નૌકાદળ, આરોગ્ય અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFના જવાનો જોડાયા છે.

ગાંધીનગરમાં રાજ્ય કટોકટી વ્યવસ્થાપન કેન્દ્ર – SEOC ખાતે પણ આ મૉકડ્રીલ યોજાઈ. રાસાયણિક આપત્તિ માટે શું થઈ શકે તે માટે વિવિધ વિભાગ વચ્ચે સંકલન માટે આ મૉકડ્રીલનું આયોજન કરાયું છે. આ અંગે મહેસુલ વિભાગનાં અધિક મુખ્યસચિવ ડૉક્ટર જયંતી રવિએ વધુ માહિતી આપી.

(BYTE: JAYANTI RAVI, ACS, REVENUE DEPARTMENT )

-----------------

## DANG GOLD MEDAL

ડાંગમાં આહવાના બાળકોએ ઓડિશામાં યોજાયેલી રાષ્ટ્રીયકક્ષાની ચોથી એકલવ્ય રમતગમત સંમેલનમાં આઠ સુવર્ણ અને ચાર રજત ચંદ્રક જીત્યા છે. અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે, ઓડિશાના સુંદરગઢ ખાતે યોજાયેલી સ્પર્ધામાં એકલવ્ય મૉડેલ રેસિડેન્શિઅલ શાળાના વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ હાંસલ કરી છે.

14 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં સ્મિત કુમાર ગામિત અને સૌરભ કોંકણીએ તથા 19 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં અભય કુમાર અને રૂદ્રકુમાર બાગુલે-એ સુવર્ણ ચંદ્રક જીત્યાં છે. જ્યારે 14 વર્ષથી ઓછી

વયની મહિલાઓની શ્રેણીમાં ક્રિષા ચૌધરી અને ઋત્વીકુમારી ચૌધરીએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

----------

## MOBILE MEDICAL UNIT

રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઈ ગામડાઓમાં લોકોને પ્રાથમિક તબીબી સારવાર ઘરઆંગણે મળે તે હેતુથી રાજ્યમાં 102 મોબાઇલ હેલ્થ યુનિટ અને 35 મોબાઈલ મેડિકલ યુનિટ એમ કુલ 137 યુનિટ સેવારત્ છે. તે પૈકી 80 આદિજાતિ વિસ્તારમાં, 23 અગરિયા વિસ્તારમાં, 11 રણ વિસ્તારમાં, 4 જંગલ વિસ્તારમાં અને 19 સામાન્ય વિસ્તારમાં મોબાઈલ હેલ્થ-મેડિ લ યુનિટ કાર્યરત્ છે.

આ સપ્ટેમ્બર સુધીમાં કુલ 13 લાખથી વધુ નાગરિકોએ મોબાઇલ હેલ્થ-મેડિકલ યુનિટની OPD સેવાનો લાભ લીધો છે. ઉપરાંત આઠ હજારથી વધુ મહિલાની પૂર્વ પ્રસુતિ સંભાળ, એક હજારથી વધુ હાઈરિસ્ક માતાની ઓળખ તેમજ પાંચ લાખથી વધુ નાગરિકોની પ્રયોગસાળામાં તપાસ કરવામાં આવી છે.

-----------------